ગાંધીનગર સમાચાર

**આવતીકાલથી હવામાન પલ્ટાશે : તીવ્ર ઠંડીની આગાહી**

# નાગરીક બેંકમાં બીજા દિવસે પણ ઈડીનું સર્ચ જારી

**કેશ લીમીટથી વધુ રકમ બેંકમાં રહી હોવાનું ઈડીના ધ્યાને આવ્યું : સીસીટીવી ફુટેજનો ડેટા મેળવી તમામ ખાતાની બારીકાઈથી તપાસ આરંભી**




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નાગરીક બેંકમાં ગઈ કાલે ઈન્ફોર્સમેન્ટ ડીરોકટરેટ (ઈ.ડી.)ની ટીમોએ દરોડો પાડી મોડી રાત સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આજે બીજે દિવસે પણ સવારથી સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યું હતું. સર્ચ દરમિયાન એક ચોંકાવનારી વિગત ઈ.ડી.ના ધ્યાને આવી હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. નોટબંધી બાદ બેંકની કેશ લીકવીડીટી લીમીટથી વધુ કેશ એક દિવસ જમા રહી હોવાનું રેકર્ડ પર ધ્યાને આવ્યું છે તેને આધારે ઈડીએ બેંકના તમામ ખાતાઓમાં થયેલી લેવડ-દેવડ અંગે બારીકાઈથી તપાસ પણ શરુ કરી છે.

શહેરના સે-૧૬ ખાતે આવેલી નાગરિક બેંકમાં ગઈ કાલે ઈ.ડીના ૨૫ જેટલા અધિકારીઓની ટીમે દરોડો પાડી સર્ચ ઓપરેશન શરુ કર્યું હતું. ગઈ કાલે રાત્રે સાડા દશ વાગ્યા સુધી સર્ચ ઓપરેશન ચાલ્યું હતું. આજે બીજે દિવસે પણ સવારથી સતત સર્ચ ચાલી રહ્યું છે. ઈ.ડી.એ નોટબંધીના દિવસથી આજ દિન સુધીના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી જપ્ત કર્યા છે તે ઉપરાંત તમામ ખાતેદારોની શંકાસ્પદ લેવડ દેવડ પર ઝીણવટભરી તપાસ શરુ કરી દીધી છે. બેંકમાં જમા રાખવામાં આવતી રકમની ચોકકસ લીમીટ હોય છે આ કેશ લીમીટથી વધુ કેશ એક-બે દિવસ આ બેંકમાં રહી હોવાનું ઈ.ડી.ની તપાસમાં ધ્યાને આવતા શંકાસ્પદ ઓવર કેશ મામલે પણ ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે તે ઉપરાંત નોટબંધીના નિર્ણય બાદની તમામ લેવડદેવડમાં ઓળખપત્રો સહિત ખાતેદારોની વિગતો પણ એકત્ર કરી તપાસ શરુ કરવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# સે-૩૦માં ૫૫ કરોડના ખર્ચે નવી ટાવર કોલોની બનશે

**ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ : ટુંકમાં કામ શરૂ કરી દેવાશે**

ગાંધીનગર તા ૩૦

નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ સેકટરોમાં નવા સરકારી આવાસો બાંધવામાં આવી રહયા છે. હાલ સે -૭ અને ૨૯માં નવા આવાસો બાંધવાનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે સે-૩૦ માં પણ નવા ૩૩૬ મકાનો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. બી ટુ કેટેગરીના અદ્યતન મકાનો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો ખંડેર બન્યા છે. મોટાભાગના સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.ત્યારે જુના અને જોખમી મકાનો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. અત્યારસુધીમાં ૨ હજાર જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હજુ પણ ભયજનક માલુમ પડતા આવસો તોડવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. શહેરમાં અગાઉ જાહેર કરાયેલા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયા સે-૭ અને સે-૨૯ માં નવી ટાવર કોલોની ઉભી કરવામાં આવી રહી છે. જેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. હાલ આ આવાસ યોજના હેઠળ બિલ્ડીંગ તૈયાર કરી દેવાયુ છે. જયારે બાકીનુ કામ પણ નજીકના ભવિષ્યમાં પુર્ણ કરી દેવાશે. જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહયા નથી. ત્યારે બીજીતરફ આવાસોના મામલે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી છે. આવા સંજોગોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર વાઈ-ફાઈ સિટી પ્રોજેક્ટનું લોકાર્પણ

**ડીજીટલ સિટી સ્વચ્છ સિટીનું સ્વપ્ન સાકાર કરવા ટેકનોલોજી અને સેવાઓનું સુયોગ્ય સંકલન કરીએ : ગાંધીનગર વાઈ-ફાઈ સિટી પ્રોજેક્ટનું મુખ્યમંત્રીએ કરેલું લોકાર્પણ : સારી સેવાઓ થકી માનસિકતા બદલવાનો માર્ગ સરળ બને છે : મુખ્યમંત્રી**



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા તેના હસ્તકની સફાઈની સેવાને સઘન બનાવવા માટે કોર્પોરેશનમાં વિડીયો વોલ અલગથી બનાવી અને તેનું મોનીટરીંગ અસરકારક રીતે કરે તેવી ટકોર મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ કરી હતી અને તેમણે કહ્યું કે સેવાઓનું ટેકનોલોજી સાથે સુયોગ્ય સંકલન કરી લોકોની માનસિકતા બદલવાનો માર્ગ સરળ બને છે.

ગાંધીનગરનો ડીજીટલ સિટી તરીકેના પ્રોજેકટના લોકાર્પણ પ્રસંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરની સવાર એટલે જી.આર. અને સાંજે સી.આર.ની માનસિકતામાં બદલાવ છેલ્લા દસકાથી આવી રહ્યો છે ત્યારે સેવાઓના સઘનીકરણ માટે ટેકનોલોજીનું સુયોગ્ય સંકલન કરીએ તો માનસિકતામાં ચોકકસ વધુ બદલાવ જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં ચંપાના ફુલો ખિલશે

**વાઈબ્રન્ટમાં સેન્ટ્રલવર્જને વધુ આકર્ષક બનાવવા માટે એક હજાર રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૩૦

નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે બ્યુટિફિકેશન સહીત માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. જયારે નગરમાં માર્ગ સલામતીને અનુલક્ષી સેન્ટ્રલવર્જમાં ક્રોસ રસ્તા પાસે પેવર બ્લોકનુ કામ પણ હાથ ધરાયુ છે. જયારે સેન્ટ્રલ વર્જને પણ રંગરોગાન કરવામાં આવી રહયુ છે. બીજીતરફ સેન્ટ્રલ વર્જને વધુ આકર્ષક બનાવવા માટે વનતંત્ર દ્વારા રોપાઓની વાવણી કરાશે. સેન્ટ્રલ વર્જમાં ચંપાના ફુલો ખિલશે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને વાઈબ્રન્ટ લુક આપવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરને સોહામણુ બનાવવા માટે સુશોભનના વિવિધ કામો હાથ ધરાયા છે. જેમાં રોડ નેટવર્કને ધ્યાને લઈ ફર્નિચરનુ કામ હાથ ધરાયુ છે. નગરના વિવિધ માર્ગોને થર્મોપ્લાસ્ટના પટ્ટા કરીને મિડીયમ માર્કર અને કેટ આઈ લગાવી દેવાઈ છે. રાત્રિના સમયે નગરના માર્ગો વધુ આકર્ષક ભાસી રહયા છે. જયારે વનતંત્ર દ્વારા પણ મુખ્યમાર્ગોની આસપાસ વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગના નવિનીકરણનુ કામ હાથ ધરાયુ છે. જયારે ફેન્સીંગને પણ નવો કલર કોડ આપી લીલા અને પીળા રંગથી સજાવી દેવામાં આવી છે. નગરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલવર્જને પણ કલર કરી દેવાયો છે. જયારે સેન્ટ્રલ વર્જને વધુ આકર્ષક બનાવવા માટે રોપાઓનુ ટ્રીમીંગ તેમજ જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી હવામાન પલ્ટાશે : તીવ્ર ઠંડીની આગાહી

ગાંધીનગર, તા.૩૦

આગામી દિવસોમાં વધુ આકરી ઠંડી પડવાની આગાહી છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે જાન્યુઆરી માસના પ્રારંભે સમગ્ર ગુજરાતમાં કાતિલ ઠંડી પડશે.

જાન્યુઆરી-૨૦૧૭ની શરુઆતમાં કાતિલ ઠંડીને વેગ મળશે. હજુ પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં બારે હિમવર્ષાની સાથે કમોસમી વરસાદ અને સુસવાટાભર્યા પવનોની અસર અને પશ્ચિમ વિક્ષેપની અસર પર આવનાર દિવસોમાં રહેવાની સંભાવના છે. સૂર્ય પૂર્વાશ્રાયા નક્ષત્રમાં હોવાથી ઠંડી જોર પકડે. હમણાં રાજયમાં ઠંડીમાં વધઘટ રહે. પરંતુ દેશમાં ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની અસર આવતા હાડ કંપાવતી ઠંડી રહે. હિમાચલ પ્રદેશ, જમ્મુકાશ્મીર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તથા મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બંગાળ, બિહાર તેમજ મહારાષ્ટ્રના ભાગોમાં પણ કાતિલ ઠંડીનું જોર વધે. કેટલાક ભાગોમાં ધૂંધળા હવામાનની અસરો પણ વાહન વ્યવહાર પર પડે. જાન્યુઆરીની તા.૧ અને ૨ના રોજ હવામાનમાં પલ્ટો આવે અને ઉત્તરીય પવનોની અસર જણાય. જયારે જાન્યુઆરી તા.૪, ૫, અને ૬માં ઠંડી જોર પકડે. ઉત્તર ગુજરાતના ભાગોમ્ ન્યુનત્તમ તાપમાન ૭ ડિગ્રી થઈ જવાની વકી રહેશે.

## બેસણું



અમારા સુપુત્ર **ચેતન નવીનચંદ્ર શુક્લ** નું તા. ૨૯-૧૨-૨૦૧૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૦૧-૦૧-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રામેશ્વર મંદિર, સેક્ટર-૩, ગાંધીનગર**

લિ.

નવીનચંદ્ર રા. શુક્લ (પિતા)
નીલાબેન ન. શુક્લ (માતા)
પ્રીતીબેન જ. શુક્લ (બ્હેન)
દીપાબેન ચે. શુક્લ (પત્ની)
કિંજલ ચે. શુક્લ (દીકરી)
બિનોતી ચે. શુક્લ (દીકરી)
જલનીધી યુ. શુક્લ (જમાઈ)

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

પીળા દાંતથી લઈને દાંતની પીડાને દૂર કરી, આપને સમસ્યારહિત સ્મિત આપવા પ્રતિબદ્ધ અમને તમે તમારા હૃદયની મધ્યમાં સ્થાન આપ્યું છે, અને એટલે જ અમે ગાંધીનગરની મધ્યમાં શિફ્ટ થયા છીએ..
હવે, આપણે મળીશું નવા વર્ષથી નવા સરનામે...
MERRY CHRISTMAS
SHRADDHADEEP Care 32
Dr. Bindi Pandya Ph. : 99133 77282
Dr. Mihir Pandya Ph. : 99781 36367
ગાંધીનગરનું શ્રેષ્ઠ અને અત્યંત આધુનિક ડેન્ટલ ક્લીનિક
SHRADDHADEEP DENTAL
પ્લોટ-૨૫૯/૨, સેક્ટર-૨/બી, ઘ-૦ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૪૭૫
PARAM

કેપિટલ ઓફસેટ®
www.capitaloffset.in
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR.FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com